પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# "કરફ્યુ હુકમ"

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

**નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/૭૫/ ૨૦૨૧. તા.૧૦/૦૬/૨૦૨૧**

વંચાણે લીધા:- ૧. ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A તા.૦૯ /૦૬/૨૦૨૧ તથા,

૨. ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-B તા.૦૯/૦૬/૨૦૨૧ આધારે.

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંત્તરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય, ભારત સરકારના તા.૨૯.૦૪.૨૦૨૧ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) થી કોરોના સંક્રમણને રોકવા અધતન સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૨.૦૬.૨૦૨૧ ના હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A થી રાજયના ૩૬ શહેરોમાં તા.૧૧.૦૬.૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રિ કરફયુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવાનો નિર્ણય લેવામાં આવેલ.

૩. રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના દૈનિક કેસોમાં સતત ઘટાડો નોંધાયેલ છે.જેથી પ્રવર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરી તા.૦૨.૦૬.૨૦૨૧ ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A થી મુકવામાં આવેલ નિયંત્રણોના સ્થાને પુખ્ત વિચારણા બાદ રાજ્ય સરકાર દ્વારા ૩૬ શહેરોમાં લાગુ કરવામાં આવેલ રાત્રિ કરફ્યુ તથા નિયંત્રણો મુકવામાં આવેલ જે સંદર્ભે અત્રેના જાવક પત્ર ક્રમાંક વિ.શા/જાહેરનામું/એ-સેકશન/૭૪/૨૦૨૧ તા.03/૦૬/૨૦૨૧ ના કરફયુ હુકમથી અમદાવાદ શહેરમાં તા.૦૪.૦૬.૨૦૨૧ થી તા.૧૧.૦૬.૨૦૨૧ સુધી રાત્રિ કરફ્યુ તથા અન્ય નિયંત્રણો મુકવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. ત્યારબાદ ગુજરાત સરકારના ગૃહ વિભાગના ઉકત હુકમ આધારે પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, લોકોમાં સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતને લક્ષમાં લઈ અમદાવાદ શહેરમાં તા.૧૧.૦૬.૨૦૨૧ ના રાત્રિના ૦૯.૦૦ કલાક થી તા.૨૬.૦૬.૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રિ કરફ્યુ તથા નીચે મુજબના નિયંત્રણો મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/ એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ ફરમાવુ છું કે, અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૧.૦૬.૨૦૨૧ ના રાત્રિના ૦૯.૦૦ કલાક થી તા.૨૬.૦૬.૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રિ કરફ્યુ મુકવામાં આવે છે. જેથી અમદાવાદ શહેર વિસ્તારમાં લોકોએ પોતાના રહેણાંક મકાનની બહાર નીકળવું નહી, કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

- રાત્રિ કરફ્યુના સમયગાળા દરમિયાન ફકત આવશ્યક સેવાઓ ચાલુ રહેશે. આ ઉપરાંત નીચેની બાબતો પણ અમલમાં રહેશે.

(૧) બિમાર વ્યક્તિ, સગર્ભાઓ, અશક્ત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવર-જવરની છૂટ રહેશે.

(૨) મુસાફરોને રેલ્વે, એરપોર્ટ ST કે સીટી બસની ટીકીટ રજૂ કર્યેથી તેઓને અવર-જવરની પરવાનગી આપવાની રહેશે.

(૩) રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમ્યાન લગ્ન યોજી શકાશે નહી.

(૪) આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરિકો/ અધિકારીઓ/ કર્મચારીઓએ અવર-જવર દરમ્યાન માંગણી કર્યેથી જરૂરી ઓળખપત્ર રજૂ કરવાના રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર, ડોક્ટરનું પ્રીસ્ક્રીપ્શન, સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજુ કર્યેથી અવર-જવરની પરવાનગી આપવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી/ કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

(૭) તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## ૪. નિયંત્રણો:

**રાત્રિ કરફયુ ઉપરાંત અમદાવાદ શહેરમાં ગૃહ વિભાગના સમાન ક્રમાંકના હુકમથી તા. ૧૧.૦૬.૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાક થી તા.૨૬.૦૬.૨૦૨૧ ના સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમગ્ર સમયગાળા સુધી નીચે મુજબના નિયંત્રણો અમલમાં મૂકવામાં આવે છે.**

A. તમામ દુકાનો , વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ સવારના ૦૯.૦૦ કલાકથી સાંજના ૦૭.૦૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાશે.

B. રેસ્ટોરેન્ટ્સ સવારના ૦૯.૦૦ કલાકથી સાંજના ૦૭.૦૦ કલાક સુધી બેસવાની ક્ષમતાના મહત્તમ ૫૦% ક્ષમતા સાથે કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધીન ચાલુ રાખી શકશે.

C. રેસ્ટોરેન્ટ્સ સવારના ૦૯.૦૦ કલાકથી રાત્રિના ૦૯.૦૦ કલાક સુધી Take away ની સુવિધા ચાલુ રાખી શકશે.

D. રેસ્ટોરેન્ટ્સ સવારના ૦૯.૦૦ કલાકથી રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી Home delivery ની સુવિધા ચાલુ રાખી શકશે.

E. જીમ ૫૦% ક્ષમતા સાથે કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધીન ચાલુ રાખી શકશે.

F. જાહેર બાગ-બગીચાઓ સવારના ૦૬.૦૦ કલાકથી સાંજના ૦૭.૦૦ કલાક સુધી જાહેર જનતા માટે કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધીન ચાલુ રાખી શકશે.

G. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૫૦ ( પચાસ ) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઇ યથાવત રહે છે.

H. અંતિમક્રિયા/ દફનવિધી માટે મહત્તમ ૨૦ ( વીસ ) વ્યક્તિઓની મંજુરી રહેશે.

I. તમામ પ્રકારના રાજકીય, સામાજીક(જેમકે બેસણું), ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદામાં કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. ને આધીન યોજી શકાશે.

J. ધાર્મીક સ્થાનો જાહેર જનતા માટે કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. ને આધીન ખોલી શકાશે, પરંતુ એક સાથે ૫૦થી વધુ વ્યક્તિઓ એકત્રીત ન થાય તે અંગે ખાસ કાળજી રાખવાની રહેશે.

K. IELTS તથા TOEFEL જેવી પરીક્ષાઓ કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે.

L. વાંચનાલયો ૫૦% ક્ષમતા સાથે કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધીન ચાલુ રાખી શકાશે.

M. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ મહત્તમ ૬૦% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

N. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ / સ્પોર્ટ્સ સ્ટેડીયમ / સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે.

O. અઠવાડીક ગુજરી/ બજાર/ હાટ, શૈક્ષણિક સંસ્થા અને કોચિંગ સેન્ટરો ( ઓનલાઇન શિક્ષણ સિવાય ) , સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, વોટરપાર્ક, મનોરંજક સ્થળો, સ્પા, સ્વિમીંગ બંધ રહેશે.

## -:અપવાદ:-

૪(૧). આ સમયગાળા દરમિયાન નીચે મુજબની આવશ્યક સેવા/ પ્રવૃત્તિઓ કોઇપણ નિયંત્રણ વગર ચાલુ રહેશે.

1) COVID-19ની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ સેવા તેમજ આવશ્યક/ તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ સેવાઓ.
2) મેડીકલ, પેરામેડીકલ તથા તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ. ( ચશ્માની દુકાન સહિત )
3) ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા.
4) ડેરી, દૂધ-શાકભાજી, ફળ-ફળાદી ઉત્પાદન, વિતરણ અને વેચાણ તથા તેની હોમ ડીલીવરી સેવા.
5) શાકભાજી માર્કેટ તથા ફ્રૂટ માર્કેટ.
6) કરિયાણું, બેકરી, બધા પ્રકારની ખાદ્ય સામગ્રીનું વેચાણ અને તે વહેંચવા માટેની ઓનલાઇન તમામ સેવાઓ.
7) અનાજ તથા મસાલા દળવાની ઘંટી.
8) ઘરગથ્થુ ટીફીન સર્વિસીસ અને હોટેલ / રેસ્ટોરન્ટમાંથી Take away facility આપતી સેવાઓ.

9) ઈન્ટરનેટ/ ટેલિફોન/ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર/ આઇ.ટી. અને આઇ.ટી. સંબંધિત સેવાઓ.

10) પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયા, ન્યુઝ પેપર ડીસ્ટ્રીબ્યુશન.

11) પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./ સી.એન.જી./ પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડીંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન, ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ

12) પોસ્ટ અને કુરીયર સર્વિસ

13) ખાનગી સિક્યુરીટી સેવા

14) પશુ આહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબંધિત સેવાઓ.

15) કૃષિ કામગીરી, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા

16) ઉક્ત તમામ આવશ્યક ચીજવસ્તુઓના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ.

17) આંતરરાજ્ય, આંતરજિલ્લા અને આંતરશહેરની ટ્રાન્સપોર્ટ સેવાઓ તથા તેને સંલગ્ન ઈ-કોમર્સ સેવાઓ.

18) તમામ પ્રકારના ઉત્પાદન/ ઔદ્યોગિક એકમો અને તેને રો-મટીરીયલ પૂરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વાહનવ્યવસ્થા ચાલુ રહેશે. જે દરમિયાન COVID-19 સંબંધીત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

19) બાંધકામને લગતી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે જે દરમિયાન COVID-19 સંબંધીત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. આ સમયગાળા દરમ્યાન એ.ટી.એમ.માં નાણાનો પુરવઠો સતત જળવાઇ રહે તે અંગે બેંક મેનેજમેન્ટે કાળજી લેવાની રહેશે.

૬. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT- 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે THE EPIDEMIC DISEASES ACT-1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT- 2005 ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.
(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)